फळ.

रात्रौ स्वप्न फल निर्णयः ॥

तत्रादौ स्वप्न दर्शनावस्था माह ॥

અર્થ—રાતના સ્વપ્નાનું ફળ કહું છું, તેમાં આવવાની વખત કહું છું.

श्लोक—सर्वेंद्रिय व्युपरतौ मनोन
विषयेभ्यस्तदा स्वप्नं नानारूपं प्र

અર્થ—બધા વેપારથી મન તથા ઇંદ્રિઓ નાનારૂપનું જ્ઞાનબંધ થયું એટલે તે સ્વપ્ન આવવાની વ

सच स्वप्नोद्विविधःइष्टफलोऽनिष्टफलश्चेति

અર્થ—તે સ્વપ્ન શુભ ફળ તથા અશુભ ફળ એવા ભેદ પ્રકારનું છે.

तत्र सामान्यत इष्टफलो यथा ॥

અર્થ—તે મધ્યે સામાન્યતાથી શુભ ફળ સ્વપ્ન કહું છું તે એવું કે.

श्लोक—नदी समुद्र तरणमाकाश गमनं तथा ॥

॥ २ ॥

॥ ३ ॥

...२. ।..। दृष्ट्वा नरः सिद्धि मवाप्नुयात् ..

અર્થ—નદી સમુદ્ર પાર તરી જવું, આકાશમાં ઉડવું, સૂર્યઉદય થએલો તથા અગ્નિ પ્રજ્વલીત, સૂર્યાદિગ્રહ, અશ્વિન્યાદિ નક્ષત્રો, ધ્રવા- મંડળ ઈત્યાદિ નું દર્શન, તથા ગ્રહ, દેવાલય, અથવા ...ું, ઈત્યાદિ સ્વપ્નના વખતે જે માણુસ જોય છે, તે ...દ્ધિ પ્રાપ્ત થશે એમ જાણવું.

...दीरापानं वसा मांसस्य भक्षणम् ॥ ४ ॥

...नुलेपंच रुधिरेणाभिषेचनम् ॥

दधिभक्तस्य श्वेत वस्त्रानुलेपनम् ॥ ५ ॥

...न्या भरणादीनी स्वप्नेदृष्ट्वा प्रसिध्यति ॥

...થ—સ્વનમધ્યે મધ પીવું, આંતરડાં તથા માંસનું ભક્ષણ કરવું તથા વિષ્ટા તથા લોહી અંગને લગાડેલું તથા દહીં ભાત ખાવે સફેદ વસ્ત્ર, સફેદ ગંધ તથા રત્નના અલંકાર પહેરેલા જે જોશે ... ધન્ય માણુસ થશે.

देव विप्र द्विज छत्र तुष पंकज पार्थिवान् ॥ ६ ॥

शुक्लपुष्पांबरधराः प्रशस्ता भरणांगनाः ॥

दर्पणा मिषमाल्याती स्तरणेच महामसां ॥
दृष्ट्वा स्वप्नेर्थलाभः स्याद्व्याधि मुक्तिश्च जायते ॥ ८ ॥

અર્થ—દેવ, બ્રાહ્મણ, ભારદ્વાજાદિ શ્રેષ્ઠ પક્ષી, છત્ર, દેવ, કમળ, રાજા, સફેદ ફૂલ, સફેદ લુગડું અને ઉત્તમ અલંકાર પહેરેલી સ્ત્રી સ્વપ્નમાં જે જોશે તેમજ બળદ, પહાડ, ઊંબરો, ફળ આવેલા ઝાડ ઊપર ચઢવું, તથા દર્પણ, માંસ, ફૂલ એ મળવું ને મોટા પાણીમાં તરવું એટલાં વાનાં સ્વપ્નમાં જે જોશે તેને દ્રવ્ય મળશે; તેમ કોઈ રોગ હશે તો તે દુર થશે.

सामान्यतोऽनिष्टफलो यथा ॥

અર્થ—હવે સાધારણ સ્વપ્નનાં માઠાં ફળ કહું છું તે એવાં કે,

युपार्कि शुगवल्मीका पारिभद्रादिरोहणम् ॥
तैलकार्पासपिण्या कलोहावाप्तिर्विपत्तये ॥ ९ ॥

અર્થ—યજ્ઞસ્તંભ ખાખરો, રાફડો (વાકુલ), કડવો લીમડો એના ઊપર ચઢવું, તથા તેલ, કપાસ, ખોળ, લોખંડ એમની પ્રાપ્તી થવી એ નાશકારક જાણવી.

विहारकरणं स्वप्ने रक्तवस्त्र विधारणम् ॥
स्रोतसां हरणां नष्टं पक्वमांसस्य भोजनम् ॥ १० ॥

અર્થ—ક્રીડા કરવી, લાલ લુગડું પહેરવું, નદીને વાળીને લાવવી, પકાવેલું માંસ ખાવું, એ નાશકારક જાણવું.

तदेवं द्विविधस्यापि स्वप्नदर्शन काल मेदेन फलेपि भेदः॥

અર્થ—એ પ્રકારનાં જે સ્વપ્ન કહ્યાંછે તેમના વખત વખતના ફળના પણ ભેદ છે.

स्वप्नेतु प्रथमेयामे संवत्सर विपाकिनः ॥ ११ ॥
द्वितीयेचाष्टभिर्मासै स्त्रीभिर्मासै स्त्रियामिके
चतुर्थयामेयः स्वप्नो मासे न फलदः स्मृतः ॥ १२ ॥
अरुणोदयवेलायां दशाहे न फलं भवेत् ॥
गोविसर्जन वेलायां सद्य एव फलंलभेत् ॥ १३ ॥

અર્થ—રાત્રીના વખતે પહેલા પહોરમાં સ્વપ્નમાં આવ્યું તો એક વરસે ફળ, બીજા પહોરમાં આવે તો આઠ મહિનામાં તેનું ફળ, ત્રીજા પહોરમાં સ્વપ્ન આવે તો ત્રણ માસમાં તેનું ફળ, ચોથા પહોરમાં આવે તો એક માસમાં ફળ અને અરૂણોદય વખત આવે તો દશ દિવસમાં, ગાયો છોડવાની વખત એટલે સૂર્યોદયની વખત આવે તો તત્કાળ ફળ મળે. શુભ અશુભ જેમ સ્વપ્ન આવે તેમ જાણવું.

विशेषतः इष्टफलाः स्वप्नाः ॥

અર્થ—હવે વિશેષે કરીને શુભ ફળ આપનારા સ્વપ્નો કહું છું.

यस्तुपश्यतिवै स्वप्ने राजानं कुंजरं हयं ॥
सुवर्णं वृषभंगावो कुटुंबं तस्य वर्द्धते ॥ १४ ॥

અર્થ—જે સ્વપ્નમાં રાજા, હાથી, ઘોડા, સોનું, બળદ, ગાયો વગેરેને જોશે તેના કુટુંબની વૃદ્ધિ થશે એમ જાણવું.

आरोहणं गोवृषकुंजराणां
प्रासाद शैलाग्र वनस्पति नाम् ॥

विष्टानुलेपोरुदितं मृतंवा
स्वप्नेष्व गम्यागमनंच धन्यम् ॥ १५ ॥

અર્થ—જે ગાય, બળદ, હાથી, દેવળ, પહાડના શિખર ઊપરનું ઝાડ, એના ઊપર ચડે અને વિષ્ટા શરીરને લગાડેલો, તેમ રડવું, મરવું જે બાયડી સાથે સંભોગ નહિ કરવાનો તેના સાથે સંગ કરવો એટલું સ્વપ્નમાં તે ધન્ય સમજવું.

क्षिरीणं फलितंवृक्षमेकाकीयः प्ररोहति ॥
तत्रस्थःसविबुध्येत धनं शीघ्रमवाप्नुयात् ॥ १६ ॥

અર્થ—વડના ઝાડ કીંવા ફળ આવેલા ઝાડ ઊપર એકલા ચઢી ત્યાંહાં જાગ્રત થાય તેને દ્રવ્યલાભ જલદી થશે.

यस्यश्वेतेनसर्पेणग्रसते दक्षिणः करा ॥
सहस्रलाभस्तस्यस्यादपूर्णे दशमे दिने ॥ १७ ॥

અર્થ—જેને, પોતાનો જમણો હાથ સફેત સાપ ગળીગયો એવું સ્વપ્ન આવે તેને હજારો રૂપિઆં દસ દીવસામાં મળશે.

उरगोवृश्चिकोवापिजले ग्रसाते यं नरं ॥
विजयंचार्थ सिद्धिच पुत्रं तस्य विनिर्दिशेत् ॥ १८ ॥

અર્થ—સર્પ કીંવા વીંછી પાણીમાં કરડે તેને જય તથા સર્વ સિદ્ધિ તથા પુત્ર ઈત્યાદિ પ્રાપ્ત થશે એમ જાણવું.

प्रासादं शैल मारुह्य समुद्रं तरतेनरः ॥
अपिदासकुले जातो राजाभवति वैभुमम् ॥ १९ ॥

અર્થ—જે માણસ દેવાલય કીંવા રાજગૃહ તથા પર્વતાગ્રહ એમના ઊપર ચઢે છે કીંવા સમુદ્રમાં તરે છે તે જો શુદ્ર કુળમાં ઉત્પન્ન થએલો હોય તો પણ તે રાજા થશે.

यस्तुमध्ये तडागस्य भुंक्तेज घृतपायसम् ॥
अखंडे पौष्करे पत्रे तं विद्यात्पृथिवीपतिं ॥ २० ॥

અર્થ—જે માણસ તળાવમાં ઘી તથા ખીર કમળના આખા પાંદડા ઊપર ભક્ષણ કરે તે સાર્વભૌમ રાજા થશે.

बलाकांकुक्कुटींक्रौंची दृष्ट्वायःप्रतिबुध्यति ॥
कुलजांलभतेकन्यां भार्यां सुप्रियवादिनीं ॥ २१ ॥

અર્થ—જે માણસ સ્વપ્નમાં મોર, મરગડું, ક્રૌંચ પક્ષીને જોઇને જાગૃત થાય તેને ઉત્તમ કુલમાંની કન્યા પ્રીયભાષણ કરનારી સ્ત્રી મળશે.

निगडैर्बध्यते यस्तुबाहु पाशनवापुनः ॥
पुत्रोवाजायते तस्य धनं शीघ्रमवाप्नुयात् ॥ २२ ॥

અર્થ—સાંકળથી બાંધેલો કિંવા દોરડીએ દંડ બાંધેલો એવાને જે સ્વપ્નમાં જોશે તેને ધન અને પુત્ર જલદી પ્રાપ્ત થશે એમ જાણવું.

आसने शयने याने शरीरे वाहने गृहे ॥
ज्वलमाने विबुध्येन तस्य श्रीः सर्वतोमुखी ॥ २३ ॥

અર્થ—જે માણસ બેસવાની ગાદી, ને સુવાની પથારી તથા

પાલખી, ગાડી, ઈત્યાદિ કીંવા શરીર ઘર વગેરે ને આગલાગે એમ જોઈ જાગ્રત થાય તેને સર્વ કાલ લક્ષ્મી સન્મુખ ઉભી રહે છે.

आदित्यमंडलं स्वप्नेचंद्रका यदि पश्यति ॥
व्याधितोमुच्यते रोगादरोगी श्रियमाप्नुयात् ॥२४॥

અર્થ—સ્વપ્નમાં સૂર્ય મંડળ વ ચંદ્રને જોશે તે રોગી હોય તે સારો થશે; અથવા અરોગી હોયતો પૈસા મળશે.

रुधिरं पिबति स्वप्ने सुरांवापितथानरः ॥
ब्राह्मणो लभतेविद्यामितरोलभते धनम् ॥ २५ ॥

અર્થ—જે સ્વપ્નમાં રકત કિંવા મધ પ્રાશન કરે, તે બ્રાહ્મણ હશે તે તેને વિદ્યા પ્રાપ્તી થશે બીજાને ધન પ્રાપ્તી થશે.

शुक्लांबर धरानारी शुक्लगंधानुलेपना ॥
अवगाहतिवै स्वप्ने श्रियं तस्य विनिर्दिशेत् ॥२६॥

અર્થ—જે સ્વપ્નમાં સફેત કપડું કિંવા સફેત ગંધ ધારણ કરેલ સ્ત્રીએ પોતાને નવરાવ્યો એમ જોશે તેને લક્ષ્મી પ્રાપ્ત થશે એમ નક્કી જાણવું.

पादुकोमानहौ छत्रं लब्ध्वायः प्रतिबुध्यति ॥
असिवानिर्मलं तीक्ष्णं साध्वन्नं तस्यानिर्दिशेत् ॥२७॥

અર્થ—જે માણસ પાવડીઓ, જોડા, છત્રીઓ, સ્વચ્છ ધારની તરવાર એ મળેલું જોઈ જાગ્રત થાય તેને ઉત્તમ પ્રકારનું અન્ન મળશે.

रथ गोवृषसंयुक्त मेकाकीयः प्ररोहति ॥
तत्रस्थः सन्निबुध्येतधनं शीघ्रमवाप्नुयात् ॥ २८ ॥

અર્થ—જે બળદ જોડેલા રથમાં એકલો બેઠોછે એમ જોઇ જાગૃત થાય તેને જલદી ધન પ્રાપ્તી થાય.

दधिलाभेभवेदर्थो घृतलाभे ध्रुवंयशः ॥
घृतभक्षे ध्रुवोऽक्लेशो यशस्तु दधिभक्षणे ॥ २९ ॥

અર્થ—જેને દહીં મળે તેને ધન પ્રાપ્તી, ઘી મળે તો યશ, ઘી ભક્ષણ કરે તો ખાત્રીથી આરોગ્ય થશે અને દહીં ખાય તો યશ મળશે એમ નક્કી જાણવું.

अग्निना वेष्टितो योवै नगरेपिगृहेपिवा ॥
गृहे मांडलिको राजा नगरे पार्थिवे भवेत् ॥ ३० ॥

અર્થ—જેને શહેરમાં કિંવા ઘરમાં અગ્નિએ ઘેર્યો હોય તેને પૃથ્વીનું રાજ્ય મળશે.

मानुषाणीतुमांसानि स्वप्नांते यस्तुपश्यति ॥
हरितानितु पक्वानिशृणु तस्यच यत्फलं ॥ ३१ ॥

અર્થ—જે સ્વપ્નના અંતે માણસનો માંસ દેખશે તેને કાચા તથા પાકા માંસનું જુદું જુદું ફળ કહું છું.

पद्भक्षणेशतं लाभः सहस्रं बाहु भक्षणे ॥
राज्यंशतसहस्रंवा भवेद्वैशिर भक्षणे ॥ ३२ ॥

અર્થ—માણસના પગનું માસ ખાધું હોય તો સોધણું સોનું મળશે,

બાહુ ખાધો હોય તો સહસ્ત્ર ધણું સોનું મળશે અને માથું ખાધું હોય તો રાજ્ય કીંવા શતસહસ્ત્રાવધિ સોનું મળશે.

सर्वाणि शुक्लान्यपि शोभनानि
कार्पास भस्मौदन तक्रवर्ज्यं ॥
सर्वाणि कृष्णान्यति निंदितानि
गोहस्ति देवाद्विजवाजिवर्ज्यं ॥ ३३ ॥

અર્થ—બધી સફેત ચીજો સ્વપ્નમાં મળે કિંવા દેખે તો સારૂં; પણ કપાસ, રાખોડી, ભાત, છાશ એ સફેતમાં ખોટું ફળ આપનારી; ને બધી કાળી ચીજો ખોટું ફળ આપે છે, પણ ગાય, હાથી, બ્રાહ્મણ, ઘોડા એ કાળી ચીજોમાં સારૂં ફળ આપનાર છે.

क्षीरंपिबतियः स्वप्नेसफेनंदोहनेकृते ॥
सोमपानं भवेत्तस्य भुक्त्वा भोगानशेषतः ॥ ३४ ॥

અર્થ—સ્વપ્નમાં જો દુધ ફીણસાથે પી જશે તેને અમૃતપાન થશે અગર બધા ઊત્તમ ભોગ ભોગવશે.

दधिदृष्ट्वा भवेत्प्रीतिर्गोधूमांश्च धनागमः ॥
यवान्यज्ञागमंविद्याल्लाभः सिद्धार्थकानपि ॥ ३५ ॥

અર્થ—સ્વપ્નમાં દહીં જોશે તો પ્રીતી થશે, ઘઉં જોશે તો ધન મળશે જવ જોશે તો યજ્ઞ પ્રાપ્તી થશે, વ સફેદ સરસ જોશે તો

नागपत्रं लभेत्स्वप्ने कर्पूरम गुरुंतथा ॥
चंदनं पांडुरं पुष्पं तस्यश्रीः सर्वतोमुखी ॥ ३९ ॥

અર્થ—નાગરવેલીના ઝાડનું પાન, કપુર, કૃષ્ણાગરૂ ચંદન, સફેદ વર્ણનું ફુલ એ જેને મળશે તેને લક્ષ્મી સર્વકાળ પ્રસન્ન રહેશે.

अथविशेषतोऽनिष्टफलाः स्वप्नाः तत्रशौनकः ॥

અર્થ—હવે ઘણું કરી ખોટાં ફળ આપનારાં સ્વપ્ન કહું છુ; શૌનક બોલે છે.

आदित्यं वाथचंद्रंवा विगतच्छ विकंतथा ॥
पततंचाथ नक्षत्रं तारकादिश्चवायदि ॥ १ ॥
वीक्षेतमानवः स्वप्नेमरणं शोक माप्नुयात् ॥ २ ॥

અર્થ—સ્વપ્નમાં સૂર્ય, ચંદ્ર જે નિસ્તેજ જોશે કિંવા અશ્વિન્યાદિક નક્ષત્ર પડતાં તેમજ ધ્રુવાદિક તારાનું પડતું જોશે તેને મરણ ને શોક પ્રાપ્ત થશે.

अशोकंकरवीरंवापलाशंवाथपूषितं ॥
स्वप्नांते यस्तुपश्येतनरः शोकमवाप्नुयात् ॥ ३ ॥

અર્થ—જે સ્વપ્નને અંતે અશોકવૃક્ષ, કણહેર અથવા ખાખરો એ ફૂલેલાં જોશે તેને શોક પ્રાપ્ત થશે.

नावमारोहयद्यस्तुनदीनांच समुत्तरे ॥
प्रवासंनिर्दिशेत्तस्य शीघ्रंच पुनरागमं ॥ ४ ॥

અર્થ—જે હોડીમાં બેશી નદીના પાર જશે તેને પ્રવાસ જલદી ... પાછું આવવું પણ જલદી થશે.

रक्तांबरधरा नारी रक्तगंधानुलेपना ॥
अवगुहतियं स्वप्नेमृत्युंतस्याविनिर्दिशेत् ॥ ५ ॥

અર્થ—સ્વપ્નમાં લાલ વસ્ત્ર પહેરેલી અને લાલ ગંધ લગાડેલી સ્ત્રીને આલીંગન કરે તો મરણ જલદી પ્રાપ્ત થશે.

तैलेनाभ्यक्तकायस्तुपयसातु घृतेनवा ॥
स्नेहेनवातथान्येन व्याधितस्या विनिर्दिशेत् ॥ ६ ॥

અર્થ—પોતાના દીલને તેલ, દુધ, ઘી, કીંવા અન્ય તેવા જે પદાર્થનું મર્દન કરેલું જોશે તેને વ્યાધિ પ્રાપ્ત થશે.

केशायस्यविशीर्यंते यदिदंताः पतंतिवा ॥
अर्थनाशोभवेत्तस्य पुत्रोवाय दिनश्यति ॥ ७ ॥

અર્થ—જેના સ્વપ્નમાં વાળ ખરીપડે છે તેના ધનનો નાશ થાય છે, તેમ દાંત પડયા હોય તો પુત્રનું મરણ થશે.

खरोष्ट्रमाहिषरथमेकाकोयः प्ररोहति ॥
तत्रस्थः सतुबुध्येतमृत्युंशीघ्रमवाप्नुयात् ॥ ८ ॥

અર્થ—જે સ્વપ્નમાં ગધેડું, ઊંટ, પાડો, એના રથ ઊપર એકલો બેશી જાગૃત થાય તે જલદી મરણ થશે.

कर्णनासाकरादीनां छेदनं पंकमज्जनं ॥
पतनंदंत केशानांपक्कमांसस्य भक्षणं ॥
खरोष्ट्रमाहिषं यानंतैलाभ्यंगंचमृत्यवे ॥ ९ ॥

અર્થ—સ્વપ્નમાં કાન, નાક, હાથ ઈત્યાદિ પોતાના

તથા કીચડમાં ડુબી જવું અથવા દાંત, વાળ ખરી પડવું તેમજ ન રાંધેલું માંસ ખાવું, ગધેડા, તથા ઊંટ, તથા પાડાઊપર બેસવું તથા તેલ શરીરે ચોપડવું એથી મૃત્યુ પ્રાપ્ત થવાનું સમજવું.

इति स्वप्न फल निर्णयः

अथदुःस्वप्नशांती माह

અર્થ—હવે દુષ્ટ સ્વપ્ન પડયું હોય તો તેની શાંતી કહું છું.

एवमादीनिचान्यानिश्रुत्युनिवहून्यपि ॥
स्वप्नोत्पानानिचैतेषां कालराव्यादि देवताः ॥
पूजा विधानं पूर्वोक्तं कुर्यात्रा पित्नतः ॥ १ ॥
फक्किका पूर्वोक्तामिति रात्रिसूक्त-
कल्पवदित्यर्थः रात्रिसूक्त कल्पश्च
ग्रंथगौरवभियात्रन लिखितः ॥

અર્થ—આ પ્રમાણે અંહિઆં તથા બીજા ગ્રંથમાં જે સ્વપ્ન થવ બહુ કહેલા છે તે બધાને (કાલ રાત્ર્યાદિ દેવતાછે) રાત્રીના જુદા જુદા વખતના જુદા જુદા દેવતા છે માટે એ ઊત્પાત શાંતર્થે પુર્વોક્ત વીધીથી પ્રયત્ને કરી પુજન કરવું તે તે દેવતાનું પુર્વોક્ત વીધીથી એટલે રાત્રેસુત્રોક્ત કલ્પએ (રાત્રની વખતમાં ઊકતયોગ્ય એવા સુત્રના સાધનથી) એમ સમજવું, તે રાત્રી સુત્રકલ્પગ્રંથ વિસ્તારના લીધે અંહિ ... ગ્રંથોમાંજોવું.

होमंकृत्वा प्रयत्नेन रात्रावेव द्विजोत्तमः
उक्तेनैवाविधानेन सघृतं पायसंहुनेत् ॥३॥ फक्किका–
उक्तेनैव विधानेनेति स्वगृह्योक्त विधानेनेत्यर्थः ॥

અર્થ—બ્રાહ્મણો એ રાત્રીની વખતે પ્રયત્ને હોમ કરી યોગ્ય ક્રીયાથી ઘી તથા દુધથી હવન કરવો. ઊક્ત વિધાને એટલે સ્વશાખા વિધિએ.

प्रत्येकंपायसंहूत्वारात्रि व्याख्यादीतक्रमात् ॥
अष्टोत्तरशतंहुत्वासूक्तेनाने नवित्तमः ॥
स्वप्नाधिपति मंत्रेणहुनेदष्टोत्तरंशतं ॥ ४ ॥ फक्किका–
स्वप्नाधि पतिमंत्रेणकाल रात्रेनमिमंत्रेणेत्यर्थः ॥

અર્થ—રાત્રે સુક્તનાં રૂવાંથી ક્રમેકરી પ્રત્યેકને દુધથી એકસો આઠવખત હવન કરવા, અને સ્વપ્નની જે કાલરાત્ર દેવતાના નામ મંત્રથી અષ્ટોત્તર શત હોમ કરવા (એકસો આઠ વખત હોમ કરવા.)

ततःस्विष्टकृतं हुत्वाहोमशेषंसमापयेत् ॥
पूर्वोक्तमभिषेकायतदत्रापि विधीवते ॥ ५ ॥
फक्किका पूर्वोक्तंगृह यज्ञोक्ता मित्यर्थः ॥

અર્થ—તે પછી સ્વીષ્ટકૃત (પોતાના સુખને માટે કરેલો) હોમ પુરો કરી પછી પૂર્વોક્ત વિધીએ તેના શાંત્યર્થ અભિષેક કરવો. પૂર્વોક્ત એટલે ગ્રહયજ્ઞોક્ત.

गुरुवेदक्षिणांदद्याद्वस्त्रहेमपशूनपि ॥
यद्यस्तिदक्षिणा भावोप्य शक्तोहोम कर्मणि ॥ ६ ॥
हिरण्यं दक्षिणां दद्यात्तदानी मेववाबुधः ॥
वस्त्रकुंभादि सकलं तद्धोत्रे प्रतिपादयेत् ॥ ७ ॥

અર્થ—પછી ગુરૂ જે ગોર તેને શાંતીફળપ્રીત્યર્થ દક્ષણા, કપડાં, તથા ગાય આપવી. જો કદાચિત દક્ષણા આપવાનું તથા હોમ કરવાનું સામર્થ ન હોય તો તેણે પોતાના સામર્થ્ય પ્રમાણે સોનું તેજ વખતે આપવું. પછી શાંતીકુંભ ને વસ્ત્ર એ કર્મ કરતા બ્રાહ્મણને આપવું.

ब्राह्मणान्भोजयेच्छक्त्यासुशीलान्वेद पारगान् ॥
भक्ष्यैश्चपायसाद्यैश्च रत्नानि सुबहूनिच ॥ ८ ॥
अनेन विधिनायस्तु शांतिकुर्वीतशक्तितः ॥
तस्यवर्षशतायुष्यं भवत्येव न संशयः ॥ ९ ॥

અર્થ—પછી યથાશકિત નાનાપ્રકારના પક્વાનોનું ભોજન અને રત્ન એ વેદ ભણનાર તથા શુશીળ એવા બ્રાહ્મણને આપવા. એ પ્રકારથી જે શાંતી કરશે તે સોવર્ષ સુધી મૃત્યુલોકમાં જીવતો રહેશે એમાં શક નથી.